પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ– ગાંધીનગરના કામોમાં ગેરરીતિ

*15/4/1844 શ્રી દિનેશભાઇ અતાજી ઠાકોર (ચાણસ્મા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૩–૦૩–૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૩૧૨૧૭ (અગ્રતા–૭૩)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની મળેલ ફરીયાદોના અનુસંધાને તપાસની પ્રક્રિયા પ્રગતિ હેઠળ હતી તે તપાસ તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની વર્ષ ૨૦૧૯–૨૦ માં ૩૧ ફરિયાદ તથા વર્ષ ૨૦૨૦–૨૧ ની ૧૩ ફરિયાદ મળી કુલ ૪૪ ફરિયાદોની તપાસ પ્રક્રિયા તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતીએ નીચેના તબક્કે છે. |

| તપાસ પ્રગતિ હેઠળ | પૂર્ણ કરેલ તપાસ અન્વયે નિર્ણય આવેલ સંખ્યા | તપાસ પૂર્ણ કરી સક્ષમ કક્ષાએ નિર્ણય અર્થે | કુલ કેસની સંખ્યા |
|---|---|---|---|
| ૩૬ | ૬ | ૨ | ૪૪ |

| | |
|---|---|
| (૨) ઉક્ત તપાસ કોને સોંપવામાં આવેલ, | (૨) આ તપાસ કાર્યપાલક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન તથા સંબંધિત ઝોનના અધિક્ષક ઇજનેરશ્રીઓને સોંપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદો સામે તપાસ પૂર્ણ થઇ અને કેટલી ફરિયાદો સામે તપાસ ચાલુ છે, અને | (૩) ઉક્ત સ્થિતએ ૬ કેસોની તપાસ પૂર્ણ થયેલ છે. ૨ કેસોની તપાસ સક્ષમ કક્ષાએ નિર્ણય અર્થે રજૂ થયેલ છે. બાકી ૩૬ કેસોની તપાસ પ્રગતિ હેઠળ છે. |
| (૪) પૂર્ણ થયેલ હોય તેવી કેટલી તપાસમાં કેટલી નાણાકીય ગેરરીતિ થયાનું સામે આવ્યું? | (૪) પૂર્ણ થયેલ તપાસના ૬ કેસોમાં કોઇ નાણાકીય ગેરરીતિ જણાયેલ નથી. |

––––––––––––––––––––––––